હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ઓફીસર... તપાસ કરો જોઉં... આ બંને દેશદ્રોહી લાગે છે... બહુ સવાલ પૂછે છે...!!!

જિલ્લામાં બે સ્થળેથી પોલીસે ૧૮ જુગારીઓને ઝડપી પાડ્યા

એલસીબી પોલીસે રોકડ, મોબાઈલ, વાહન મળીને ૧૨,૮૫,૨૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર એલસીબી પોલીસે જિલ્લામાં બે સ્થળ પર રેઈડ પાડી ૧૮ જુગારીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. એલસીબી પોલીસે કલોલના પૂર્વ વિસ્તારમાં આવેલા ગજેન્દ્ર પાર્કમાંથી ૪ જુગારી અને વાંકાનેરડા ગામે ખેતરની ઓરડીમાં જુગાર રમતા ૧૪ શકુનીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ, મોબાઈલ, વાહન સહિત કુલ રૂ. ૧૨,૮૫,૨૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાની ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ અને પોલીસ જવાનો કચેરીએ હાજર હતા. તે સમયે અ.હે.કો.અનુપસિંહ બળવંતસિંહ અને અ.પો.કો. અનોપસિંહ બળવંતસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે કલોલ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ગજેન્દ્ર પાર્કમાં જુગારધામ ચાલી રહ્યું છે. જેને પગલે પોલીસે ગજેન્દ્ર પાર્કમાં જુગાર રમી રહેલા પ્રકાશ રામાભાઈ કટારીયા (ઉં.૪૫ રહે.ગજેન્દ્રપાર્ક), મહેશજી જયંતિજી ઠાકોર (ઉં.૩૩ રહે.આરસોડીયા હુડકો કલોલ), સુરજકુમાર ઉર્ફે સુરેશ ગોવિંદભાઈ લેઉવા (ઉં.૩૯ સર્વોદય મીલકામદાર સોસાયટીની બહાર છાપરામાં કલોલ), શોભના બેન ઉર્ફે કાળી બેન દશરથજી ઠાકોર (ઉં.૩૬ રહે.માધુપુરા વાસ કલોલ)ને પકડી પાડી ચારેય પાસેથી રોકડ રકમ રૂ. ૪૭,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજીતરફ એલસીબી પીએસઆઈ વી.કે.રાઠોડની ટીમના પો.કો.ગોવિંદભાઈ કનુભાઈને બાતમી મળી હતી કે ગાંધીનગર નજીક આવેલા વાંકાનેરડા ગામે ડુંગરવાળા ખેતરની ઓરડીમાં જુગાર રમાઈ રહ્યો છે.જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા હિતેશકુમાર ઈશ્વરભાઈ પટેલ (ઉં.૨૫ રહે.વાંકાનેરડા ગામ), નિલેશ વિક્રમ બારોટ (ઉં.૩૫, રહે.જી.૫૦૩, કેશવ ગેલેક્ષી નિકોલ અમદાવાદ), અભિષેક કેશરસિંહ રાજપૂત (ઉં.૨૭ રહે. ઈ-૩૦૨ રામકુટીર નિકોલ), નિર્મલસિંહ ઉર્ફે ફતેસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા (ઉં.૪૨ રહે.૨૦૭ પરમેશ્વરપાર્ક સોસાયટી સુરેલીયા એસ્ટેટ વસ્ત્રાલ), અનિલ ઉર્ફે મુખીકાકા રામાભાઈ પટેલ (ઉં.૫૨ રહે.બહિયલ પટેલવાસ), કેતનસિંહ બળદેવસિંહ બિહોલા (ઉં.૩૪, રહે એ-૭૦૪ પ્રતિષ્ઠા હાઈટ્સ હંસપુરા નરોડા), પંકજભાઈ મદુભાઈ જોધાણી (ઉં.૨૭ રહે.૧૬ સાધના સોસાયટી ઠક્કરનગર, કૃષ્ણનગર), જયેશભાઈ લાલજીભાઈ કાનાણી (ઉં.૩૨ રહે. બી-૧૮ જીવનધારા સોસાયટી ખોડીયારનગર), ધર્મેન્દ્ર શાંતિલાલ પટેલ (ઉં.૩૨, રહે,૧૦ ઈન્દ્રધારા સોસાયટી નિકોલ-નરોડા રોડ), રાજેશ ઉર્ફે રાજુ શંભુભાઈ હુમર (પટેલ) (ઉં.૩૫, ૩૦૨ સુરમ્ય સોસાયટી નિકોલ ગામ રોડ), હર્ષ વિરેન્દ્ર પટેલ (ઉં.૨૬ બી-૧૭ કૃષ્ણકુંજ એપાર્ટમેન્ટ નિકોલ), અમિત બાબુભાઈ પટેલ (ઉં.૩૮ રહે,૩ પ્રમુખરાજ સોસાયટી ગોપાલચોક નવા નરોડા),તુષાર ભરતભાઈ વાડદોરીયા (ઉં.૨૩ રહે, સી-૫૦૩ રામવિલા હાઈસ્ટસ નિકોલ), નિતિન ઉર્ફે ભુરો ઝવેરભાઈ પટેલ (ઉં.૩૦ રહે.ડી-૧૦૨ ગીરીરાજ આશ્રય, કે.પી. રેસીડેન્સીની બાજુમાં નિકોલ)ને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ.૫૨,૯૫૦, જુગાર રમવાના કોઈન નંગ-૨૬૬, મોબાઈલ નંગ-૧૩ કિં.૫૯,૫૦૦, વાહનોમાં કેટા કાર નં. જી.જે.૧૮.બી.કે. ૦૭૦૭, સ્વીફટ કાર નં. જી.જે.૨૭.ડી.બી. -૨૪૨૩ અને એકટીવા જી.જે. ૨૭.સી.જે. ૪૩૪૪ ત્રણેય વાહનની કિં.૧૧,૨૫,૦૦૦ મળી કુલ રૂ. ૧૨,૩૭,૪૫૦, નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે જિલ્લામાં એલીસીબી પોલીસના સપાટાને લઈ જુગારીઓમાં ફફળાટ ફેલાઈ ગયો હતો.

ખૂણેખાંચરેથી

- રાજ્યના પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવે આજે રાજ્યભરની પંચાયતોની કામગીરીને લઈ સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લા જળ અભિયાન અમલીકરણ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને મળી હતી.
- ગાંધીનગર જિલ્લામાં જંત્રીની વિસંગતતાઓના મુદ્દે કલેક્ટરના અધ્યક્ષપદે બેઠક મળી હતી.
- ગાંધીનગરમાં કોરોનાના વધતા જતા કેસોને પગલે પણ જિલ્લા કલેક્ટરે આજે એક બેઠક તંત્રના અધિકારીઓ સાથે યોજી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ઓફિસ જે બિલ્ડીંગમાં છે તે એમ.એસ. બિલ્ડીંગમાંથી જ ૧૫ લોકો માસ્ક પહેર્યા વિના ફરતાં તંત્રની ટીમે રૂ. ૩ હજારનો દંડ વસુલ્યો હતો.

જીઈબી-પેથાપુર ગામનો માર્ગ બંધ કરાતા ગ્રામજનોમાં રોષ

પેથાપુરના તરપોજવાસમાંથી જીઈબી થઈને ચિલોડા તેમજ બોરીજ-ઈન્દ્રોડા તરફ જવાનો વર્ષો જુનો માર્ગ છે. આ માર્ગનો ગ્રામજનો ઉપયોગ કરે છે. ત્યારે અચાનક આ દરવાજો બંધ કરી દેવામાં આવતા પેથાપુરના ગામના નાગરીકોનો ભારે અગવડતા વેઠવી પડે છે. કોરોના કપરા સમયે દરવાજો બંધ કર્યો ન હતો અને અનલોકમાં દરવાજો બંધ કરવામાં આવતા નાગરીકોના મનમાં અનેક સવાલો ઉભા થયા છે.

જિલ્લામાં જાહેર સ્થળો કે રસ્તાઓ પર થુંકીને ગંદકી કરશો તો દંડ વસુલાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જાહેર સ્થળો, રસ્તોઓ પર થુંકીને કે અન્ય રીતે ગંદકી કરશે કે ફેલાવશે તેવી વ્યક્તિ પાસેથી પણ રૂપિયા ૨૦૦નો દંડ વસૂલ કરવામાં આવશે તેવું ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ બહાર પાડેલા જાહેરનામામાં જણાવ્યું છે.

આ જાહેરનામામાં જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જાહેર સ્થળો પર પાન, ગુટકા, તમાકુ અને દારૂના વપરાશ પર પણ પ્રતિબંધ મુક્યો છે તેમજ માસ્ક કે ફેસ કવર પહેર્યા વગર ફરશે તેવા વ્યક્તિ પાસેથી પણ દંડ વસૂલ કરવામાં આવશે.

જાહેરનામામાં જણાવ્યા મુજબ ગાંધીનગર જિલ્લાના કન્ટેન્ટમેન્ટ/માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સવારના ૭ કલાકથી રાત્રિના ૭ કલાક ફકત આવશ્યક સેવાઓ સાથે સંકાળાયેલી પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાશે. તે ઉપરાંત તમામ શૈક્ષણિક, ટ્રેનીંગ, રિચર્સ અને કોચીંગ સંસ્થાઓ, સિનેમા હોલ, જીમ્સ, સ્વીમીંગ પુલ, મનોરંજન પાર્ક, ઓડિટોરિયમ હોલ, સામાજિક, ધાર્મિક, રાજકીય, મનોરંજન, એકેડેમીક, સાંસ્કૃતિક અને અન્ય મોટી મેદની એકઠી કરે તેવા સમારંભ યોજી શકાશે નહિ. પરંતુ મરણ જેવા પ્રસંગ માટે ૨૦ વ્યકિતઓ અને લગ્ન સમારંભમાં ૫૦ વ્યકિતઓને મંજૂરી આપવામાં આવી છે. તેમજ લાયબ્રેરીઓ ૬૦ ટકા ક્ષમતાથી ચાલુ કરી શકાશે. બસ સેવાઓ ચાલું થશે. જયારે સીટી બસ અને ખાનગી બસ સેવાઓમાં ૬૦ ટકા ક્ષમતાથી મુસાફરો બેસાડી શકાશે.

ગાંધીનગર જિલ્લાના દહેગામમાં આવેલ ઘમીજ ગામે વીજળી પડવાથી ૬૦ વર્ષીય મહિલાના થયેલ અવસાનને પગલે ડીડીઓ શાલિની દુહાન દ્વારા સાધનિક કાગળો જોઈ સહાય મંજૂર કરતાં તાલુકા વિકાસ અધિકારીએ મૃતકના પરિવારોને આજે આ સહાયનો ચેક અર્પણ કર્યો હતો.

મગોડી ગામના પાટીયા પાસેથી વિદેશી દારૂ સાથે યુવકો ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ચિલોડા પોલીસે મગોડી ગામના બસ સ્ટેન્ડ પાસેથી શંકાસ્પદ હાલતમાં ઉભા રહેલા એક યુવકની અંગઝડતી લીધી હતી. જેમાં કમરના ભાગે પેન્ટમાં સંતાડેલી વિદેશી દારુની બોટલ મળી આવી હતી. પોલીસે પકડાયેલા અલ્પેશ ખોડાજી ઠાકોર (ઉં.૧૯)ને દારુ અંગે પુછતાછ કરી હતી. જેથી યુવકે કહ્યું હતું કે મગોડી ગામના જ સુરેશજી ચહેરાજી ઠાકોર અને કાળુ ચહેરાજી ઠાકોરે બારોટ વાસમાં રહેતા ચિંતન ઉર્ફે ચકો જીતેન્દ્રભાઈ પટેલ પાસેથી બોટલ મંગાવી હતી. જેથી ચિંતન નંબર વિનાના મોપેડમાં બોટલ આપી ગયો હતો. પોલીસે રૂ.૪૫૫ ની બોટલ અને રૂ.૨૫ હજારનું મોપેડ જપ્ત કરી ચારેય સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્યારબાદ પોલીસે સાંજના સુમારે મગોડી બસ સ્ટેન્ડ પાસે એકટીવા લઈને ઉભા રહેલા યુવકને પકડી પાડ્યો હતો. એકટીવાની ડેકી ચેક કરતા તેમાંથી દારુની નાની બોટલ મળી આવી હતી. એકટીવા ચાલક યોગેશ કનુભાઈ બારોટને આ અંગે પુછતા તેણે દહેગામના વિક્રમ ઉર્ફે વિકલો પ્રહલાદસિંહ ઝાલા પાસેથી દારુ લાવ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે એકટીવા, ફોન અને દારુની બોટલ મળી કુલ રૂ. ૨૭,૨૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સેકટર-૬માં ધારાસભ્યોના પ્લોટની સામે ગ રોડ નજીક છેલ્લા કેટલાય સમયથી પાણીની પાઈપલાઈનના વાલ્વમાં લીકેજ છે. જેના કારણે દરરોજ હજારો લીટર પાણીનો વેડફાટ થાય છે. આ વાલ્વને વારંવાર રીપેર કરાવવા છતાં આ સમસ્યાનો ઉકેલ આવતો નથી.

મુખ્યમંત્રી આવાસની આસપાસ સલામતી શાખા તથા એસઆરપીના જવાનોનું વૃક્ષારોપણ

દરેક જવાનને એક એક વૃક્ષ ઉછેરવાની જવાબદારી સોંપાઈ છે : ગત વર્ષે ૧૩૦ વૃક્ષ વાવ્યાં હતા, આ વર્ષે વધુ ૩૪૦ વૃક્ષોનું વાવેતર કરાયું

ગાંધીનગર, તા. ૨

ચોમાસાની સીઝન શરૂ થઈ રહી છે અને શહેરમાં પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણની પ્રવૃતિ વેગવંતી બનતી જાય છે. શહેરમાં અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વૃક્ષારોપણના કાર્યો હાથ ધરાઈ રહ્યાં છે તે સાથે પાટનગરના મુખ્યમંત્રી આવાસ ખાતે સલામતી શાખાના જવાનો દ્વારા પણ મુખ્યમંત્રીના સૂચનને અનુસરીને વૃક્ષ વાવી તેને ઉછેરવાની જવાબદારી ઉઠાવવામાં આવી છે જે અંતર્ગત ગત વર્ષે ૧૩૦ રોપાંઓનું અને આ વર્ષે કુલ ૩૪૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી આવાસની નજીકના વિસ્તારમાં ગત વર્ષે સલામતી શાખાના ડીવાયએસપી પી.પી. વ્યાસ દ્વારા ૧૩૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું જેમાં મુખ્યમંત્રી બંગલો, વહીવટી મકાન તથા નજીકના પાર્કિંગ વિસ્તારને આવરી લેવામાં આવ્યો હતો. આ વૃક્ષારોપણ નિહાળી મુખ્યમંત્રીએ તેમને સલામતી શાખાના કુલ ૨૩૦ના સ્ટાફને વ્યક્તિદીઠ એક વૃક્ષ વાવી ઉછેરવાની જવાબદારી સોંપવા સૂચન કર્યુ હતુ. જે અંતર્ગત આ વર્ષે પહેલા ૨૯૫ અને પછી બીજા ૫૦ એમ કુલ ૩૪૦ છોડનું વાવેતર કરવામાં આવ્યું છે. આ વૃક્ષોને ઉછેરવા માટે મુખ્યમંત્રી સલામતી શાખા તથા એસઆરપી ઉપરાંત ટ્રાફિક શાખા અને મહિલા સિક્યુરિટી સ્ટાફને પણ આવરી લઈ જવાબદારી સોંપવામાં આવી છે. આ કાર્યમાં ૧ એસપી, ૭ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૮ પીએસઆઈ તથા ૧૭૫ જવાનોએ આ વૃક્ષોને જતનપૂર્વક ઉછેરવાની જવાબદારી સ્વીકારી છે તેમાં કેટલાક પ્રકૃતિપ્રેમી જવાનોએ તો એકથી વધુ રોપાંના જતને ઉછેરવાની જવાબદારી સ્વૈચ્છિક રીતે ઉપાડી લીધી છે. પૈકી ૬ દળની વહીવટી ટીમે પણ ઉછેરવાનું સ્વીકાર્યુ છે. આ કાર્ય માટે ગાંધીનગર મહાનગરપાલિકાએ બહાર રોડ સાઈડના છોડના રક્ષણ માટે ગત વર્ષે ૩૦ ટ્રી ગાર્ડ પુરાં પાડ્યા હતા અને આ વર્ષે વધુ ૩૫ ટ્રી ગાર્ડ મનપા પાસે માંગવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી આવતા જતા આ વૃક્ષોના ઉછેર પર તેમની નજર નાખતા રહે છે.

પ્રત્યેક વૃક્ષના વિકાસની નોંધ માટે રજીસ્ટર રખાયું છે

મુખ્યમંત્રી આવાસ આસપાસ એસઆરપી તથા સલામતી શાખાના જવાનો દ્વારા જે વૃક્ષો ઉછેરવામાં આવી રહ્યાં છે તે કાર્યમાં દરેક રોપાને એક પ્લાસ્ટિની ટેગ લગાડવામાં આવી છે જેના પર ઉછેરવાની જવાબદારી સ્વીકારનારનું નામ હોય છે. આ ઉપરાંત એક રજીસ્ટર પણ બનાવાયુ છે જેમાં નિયમિત દર મહિને વૃક્ષના વિકાસની વિગત જેમ કે તેની ઉંચાઈ કેટલી વધી, તેને ઉધઈની દવા, ખાતર વગેરે આપ્યાંની વિગત, આંતર ખેડની વિગત સહિત વર્ષાંતે કેટલો વિકાસ થયો તે નોંધવામાં આવે છે.

જિલ્લાના ગ્રામ્યકક્ષાએ ફરતાં છ ધન્વન્તરી આરોગ્ય રથ દ્વારા ૨૧,૦૫૨ વ્યક્તિઓના આરોગ્યની તપાસ

૮૧ જેટલા શંકાસ્પદ દર્દીઓને રીફર કરાયા : ૯ જેટલા શંકાસ્પદ ટી.બીના દર્દીઓ મળ્યા : ૬,૬૦૪ જેટલા વ્યક્તિઓને આયુર્વેદ ઉકાળો અને ૨૦,૩૯૦ જેટલા વ્યક્તિઓને આયુર્વેદ અને હોમિયોપેથીક ટેબલેટનું વિતરણ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં ૧૧મી જૂનથી ફરી રહેલા ૬ ધન્વન્તરી આરોગ્ય રથ દ્વારા અત્યાર સુધી ૨૧,૦૫૨ વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. જેમાંથી ૮૧ જેટલા શંકાસ્પદ દર્દીઓને રીફર કરવામાં આવ્યા છે તેવું જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાને જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાને વધુમાં જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય કક્ષાના રહીશોને સ્થળ પર તેમના આરોગ્યની તપાસ થઈ શકે અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને સારવાર સમયસર મળી રહે તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં ધન્વનતરી આરોગ્ય રથ ૧૧મી જૂનથી પ્રસ્થાન કરાવવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગર તાલુકામાં બે, કલોલ તાલુકામાં બે, દહેગામ અને માણસા તાલુકામાં એક- એક રથ ફરી રહ્યાં છે.

આ રથમાં આરબીએસકેના ડૉકટર, નર્સ અને ફાર્માસીસ્ટની નિમણુંક કરવામાં આવી છે. આ આરોગ્ય રથ દ્વારા ગ્રામ્યકક્ષાએ જુદા જુદા ગામોમાં આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કેમ્પના સ્થળે થર્મલગન વડે તાવની તપાસ, પલ્સ ઓક્શીમીટર દ્વારા લોહીમાં રહેલા ઓકિસજનનું પ્રમાણ, આયુર્વેદિક અને હોમીયોપેથિક દવાનું વિતરણ, આયુર્વેદ ઉકાળા, આર.ડી. કિટ્સથી મેલરિયાની, ટી.બીની તપાસ અને શંકાસ્પદ દર્દીઓની રીફર કરવાની કામગીરી કરવામાં આવે છે. તે ઉપરાંત કોરોનાનું સંક્રમણથી બચવા શું તકેદારી રાખવી તેની જાગૃત્તિ પણ આપે છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય કક્ષાએ ફરતાં છ ધન્વન્તરી આરોગ્ય રથ દ્વારા અત્યાર સુધી ૨૧,૦૫૨ દર્દીઓની તપાસ કરવામાં આવી છે. જેમાં ૮૧ જેટલા શંકાસ્પદ દર્દીઆને રીફર કરવામાં આવ્યા છે. તેમજ ૬,૬૦૪ જેટલા વ્યક્તિઓને ઉકાળો, ૨૦,૩૯૦ જેટલા વ્યક્તિઓને આયુર્વેદ અને હોમિયોપેથીક ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું છે. ૮૪ વ્યક્તિઓનો આર.ડી. કિટ દ્વારા મેલેરિયાનો ટેસ્ટ કરવામાં આવ્યો છે. જનસમુદાયને આરોગ્ય શિક્ષણ અને જન જાગૃતિ માટેની પત્રિકાઓનું સ્થળ પર વિતરણ કરવામાં આવે છે. આ અભિયાન દરમ્યાન ૯ જેટલા શંકાસ્પદ ટી.બીના દર્દીઓ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માસ્ક ન પહેરેલા ૧૩૭ વ્યક્તિઓ પાસેથી ૨૮,૨૫૦નો દંડ વસૂલાયો

ગાંધીનગર જિલ્લામાં અત્યારસુધી માસ્ક પેહરવાના નિયમનું ઉલ્લંઘન કરનાર ૬૮૫ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૧,૯૩,૭૧૦નો દંડ વસૂલ કરાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨ જુલાઈના રોજ માસ્ક ન પેહરી જાહેરનામાનો ભંગ કરનાર ૧૩૭ વ્યકિતઓ પાસેથી ૨૮,૨૫૦ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી માસ્ક પેહરવાના નિયમનું ઉલ્લંઘન કરનાર ૬૮૫ વ્યકિતઓ પાસેથી રૂપિયા ૧,૯૩,૭૧૦નો દંડ કરવામાં આવ્યો હોવાનું જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાને જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાને જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં માસ્ક ન પેહરી કલેકટરશ્રીના જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલમાં ગ્રામ્યકક્ષાએ માસ્ક ન પેહરેલા લોકો પાસેથી રૂપિયા ૨૧૦ લેખે દંડ વસૂલ કરવામાં આવે છે. આજે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૭ વ્યકિતઓને માસ્ક ન પેહરેલા હોવાથી તેમની પાસેથી રૂપિયા ૨૮,૨૫૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

જે અંતર્ગત આજે ૨ જુલાઈ, ૨૦૨૦ના રોજ ગાંધીનગર તાલુકામાં ૩૫ વ્યકિતઓ પાસેથી રૂપિયા ૭,૩૫૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. કલોલ તાલુકામાં ૪૯ વ્યક્તિઓને માસ્ક ન પેહરેલા પકડી પાડીને રૂપિયા ૯,૮૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. દહેગામ તાલુકામાં ૩૭ વ્યક્તિઓ માસ્ક ન પેહરી જાહેરનામાનો ભંગ કરવા બદલ રૂપિયા ૭,૭૭૦ અને માણસા તાલુકામાં માસ્ક પેહરવાના જાહેરનામાનો ભંગ કરનાર ૧૬ વ્યક્તિઓ પાસેથી ૩,૩૩૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

ઘરમાં રહો સુરક્ષિત રહો

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

જાહેર નિવિદા નં.૦૩ સને ૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, બી-વીંગ પાંચમો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર દ્વારા મા. અને મકાન વિભાગ તેમજ સિંચાઈ ખાતામાં / ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડમાં ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી અત્રેની કચેરી હસ્તકના એક્શન પ્લાન ૨૦૧૯-૨૦ અંતર્ગત એમ-૧ ભાગ-૨ જુથ પાણી પુરવઠા યોગા, મ. અને નિ. કાર્યક્રમ હેઠળ જા.આ.સુ. પેટા વિભાગ કલોલ ખાતે પ્રતાપપુરા હેડ વર્કસ ખાતે ઓફીસ શિફ્ટ કરવા માટે હયાત સ્ટાફ ક્વાર્ટરમાં જરૂરી રીપેરીંગ કામગીરીના કામ હયાત સ્ટાફ ક્વાર્ટરમાં જરૂરી રીપેરીંગ કામગીરીના કામની અંદાજીત કિંમત રૂ. ૧,૨૫,૫૫૬.૮૩ માટે આવા કામો કરતી એજન્સીઓ પાસેથી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સીલ્ડ ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો માટે ઈ-૨ વર્ગમાં નોંધણી પ્રમાણપત્ર, પાનકાર્ડ, જીએસટી નોંધણી સર્ટીફિકેટ, સોલવંશી સર્ટીફિકેટની નકલો અરજી સાથે ટેન્ડર ફી. રૂ. ૬૦૦.૦૦ રજૂ કર્યેથી કોરા ટેન્ડર ફોર્મ આપવામાં આવશે. બાનાની રકમ પેટે રૂ. ૧૨૬૦.૦૦ની એફડીઆર / ડીડી રૂપે આપવાની રહેશે. ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૯/૭/૨૦૨૦ તથા ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧૮/૭/૨૦૨૦ના રોજ રાખવામાં આવે છે. શક્ય હશે તો બીજા દિવસે ૧૨.૦૦ કલાકે ટેન્ડર ખોલવામાં આવશે. વધુ વિગતો કચેરી સમય દરમિયાન મળી શકશે.

ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦ માહિતી/૩૮૪/૨૦-૨૧